**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN(o): 2581-6241
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 9.134
Volume - 9, Issue - 6, June - 2026

DOIs:10.2018/SS/202606024 --:-- Research Paper / Article / Review

# ગુજરાતી ભાષાની પરિભાષામાં ઉત્તર ગુજરાતના વણકર સમાજમાં ભીંત ફાડીને ઉગેલા પીંપળા સમાન એક અદ્દભુત સાહિત્યકાર: ડૉ. પી. એ. પરમાર

[1] Nishaben Sutariya, [2] Shivram Shrimali, [3] Shashikant Sutariya,
[1]પીએચ.ડી. વિદ્યાર્થી, ગુજરાતી
[2] એસોસિયેટ પ્રોફેસર, આર્ટસ, શ્રી જે. એમ. પટેલ આર્ટસ એન્ડ શ્રીમતી એમ. એન. પટેલ કોમર્સ મહિલા કોલેજ, ઊંઝા,
[3]આસીસ્ટન્ટ પ્રોફેસર, કેમેસ્ટ્રી, શેઠ એમ. એન. સાયન્સ કોલેજ, પાટણ,
[1,2,3]હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
[1]Email - nishasutariya25@gmail.com

***Abstract:*** ઉત્તર ગુજરાતના વણકર સમાજમાં દલિત સાહિત્યકાર, લેખક, કવિ, ચિત્રકાર, ઇતિહાસકાર, પત્રકાર, કલામર્મજ્ઞ, વિવેચક, ઉદ્દઘોષક, ચિંતક અને વક્તા એવા ગુજરાતી ભાષાની પરિભાષામાં ભીંત ફાડીને ઉગેલા પીંપળા સમાન એક અદ્દભુત સાહિત્યકાર ડૉ. પુરષોત્તમ અંબારામભાઇ પરમાર વિશે એક અધ્યયન.

***Key Words:*** ઉત્તર ગુજરાત, વણકર સમાજ, સામાજીક, સાહિત્યકાર.

## ૧. પ્રસ્તાવના:

પ્રાચીન ધર્મશાસ્ત્રોમાં પીપળાને પવિત્ર માનવામાં આવ્યો છે. તેમાં ભગવાન શિવજીનો વાસ છે. પીપળો પવિત્ર પૂજનીય હોવાથી તેને કોઈ કાપતું નથી. તેની પૂજા કરવામાં આવે છે. એક કહેવાત પણ છે કે, 'ભૂત' નું સ્થાન પીપળામાં, પીપળાને બૌદ્ધ ધર્મીઓ પવિત્રવૃક્ષ તરીકે પૂજે છે. તથાગત ભગવાન બુદ્ધ ને પીપળાના વૃક્ષ નીચે જ્ઞાન પ્રાપ્ત થયું હતું. વનસ્પતિશાસ્ત્ર મુજબ પીપળો એવું વૃક્ષ છે કે, તે આપમેળે વિકરે છે. કોટ કિલ્લાની દિવાલો, રાજમહેલ, ખંડેર, ઘર-મકાન, ભવન વગેરે તોડીને પીપળો ઉગી નીકળે છે, તેનાં મૂળિયાં ખૂબ ઉંડે સુધી વિસ્તરેલા હોય છે. પીપળો શક્તિનું પ્રતીક છે.

ભારતની પરંપરાગત હસ્તકળાઓમાં વણાટ કળાનું વિશિષ્ટ સ્થાન રહ્યું છે. વણકર સમાજે પ્રાચીન સમયથી લઈને આજ સુધી વસ્ત્ર નિર્માણની સમૃદ્ધ પરંપરાને જાળવી રાખવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમના શ્રમ, કૌશલ્ય અને સર્જનાત્મકતાએ માત્ર આર્થિક પ્રવૃત્તિને જ નહીં, પરંતુ ભારતીય સંસ્કૃતિ અને લોકજીવનને પણ સમૃદ્ધ બનાવ્યા છે. ગુજરાતમાં વણકર સમાજનો ઇતિહાસ સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિવર્તનો સાથે ગાઢ રીતે જોડાયેલો છે. સમયાંતરે ઔદ્યોગિકીકરણ, આધુનિક ટેકનોલોજી અને બદલાતી જીવનશૈલીના કારણે તેમના પરંપરાગત વ્યવસાય અને જીવનપદ્ધતિમાં નોંધપાત્ર પરિવર્તનો આવ્યા છે. વણકર સમાજ વિશેનું સંશોધન માત્ર તેમના વ્યવસાય પૂરતું મર્યાદિત નથી, પરંતુ તેમના ઇતિહાસ, સામાજિક જીવન, સાંસ્કૃતિક પરંપરાઓ, શૈક્ષણિક વિકાસ, આર્થિક સ્થિતિ અને આધુનિક સમયમાં તેઓ સામે ઊભા થયેલા પડકારોને સમજવા માટે પણ મહત્વપૂર્ણ છે. આવા અભ્યાસો સમાજવિજ્ઞાન, ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને લોકસંસ્કૃતિના અધ્યયનને વધુ સમૃદ્ધ બનાવે છે.

પી. એ. પરમાર સાહેબે લખેલા વિવિધ પુસ્તકનો મુખ્ય હેતુ સમાજના ઇતિહાસ, પરંપરાગત વ્યવસાય, સામાજિક-આર્થિક પરિવર્તનો, સાંસ્કૃતિક વારસા અને આધુનિક સમયમાં તેમના યોગદાનનું તથ્યાધારિત અને વિશ્લેષણાત્મક નિરૂપણ કરવાનો છે. સાથે જ, દલિત સમાજની ઓળખ, તેમની સમસ્યાઓ અને વિકાસની સંભાવનાઓને સમજવાનો પણ પ્રયત્ન

તેઓએ કર્યો છે. પ્રચંડ પુરુષાર્થ, તનતોડ મહેનત, અખૂટ ધીરજ, ઊંડો અભ્યાસ કરીને અનેક ક્ષેત્રોમાં આપમેળે વિકાસ સાધનાર ડૉ. પી. એ. પરમાર 'ભીંત ફાડીને ઉગેલા પીપળા સમાન' છે. આવો, તેમના વ્યક્તિત્વ અને કર્તુત્વનો પરિચય મેળવીએ.

## ૨. પરિચય:

ડૉ. પી. એ. પરમારનો જન્મ ૬ એપ્રિલ, ૧૯૫૫ ના રોજ મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના કુવાસણા ગામે વણકર પરિવારમાં થયો હતો. તેમના પિતાજી સ્વ. અંબાલાલ કાળીદાસ નાનજીભાઈ વણકર અને માતૃશ્રી કંકુબેન વણકર મીલ કામદાર હતાં અને પરંપરાગત ખેડૂત પણ હતા. તેમના પરિવારમાં વણાટનો વ્યવસાય અને ખેતીની જમીન એટલે ભણવાની લગન ઓછી હતી. તેમનો જન્મ અનિવાર્ય સંજોગોમાં ઢોર બાંધવાની ગમાણમાં થયો હતો, જોકે સત્ય એ પણ છે કે બાકીના બધાંજ ભાઈ-બહેન (તેમના સિવાય) તમામનો જન્મ અમદાવાદ જેવા મેગા સીટીમાં થયો હતો. તેમના જન્મ પછી લાલન પાલન અને દેખભાળ માટે માતાએ નગરીમીલ છોડી દીધી. પિતા ચાલુ રહ્યા.

**પરિવાર:** ધર્મપત્ની રતનબેન (વડનગર), પુત્રો-નિલેષ, અલકેશ, અંકુર, પુત્રી-જલી. **ગામ-કુવાસણા:** ડૉ. પી. એ. પરમારનો જન્મ કુવાસણામાં થયેલો. કુવાસણા ગામ આજથી ૨૦૦-૩૦૦ વર્ષ પહેલાં ખૂબ નાનું હતું. તેથી ગામમાં શાળા ન હતી. બાળકોને છેક વિસનગર ભણવા જવું પડતું હતું. ઉબડ-ખાબડ રસ્તા, ઊંડા નેળિયાં, ઊંચી થોરની વાડો ડરામણું લાગે તેવો વેરાન વગડો. તેથી પરિવારમાં કોઈ ભણેલું જ નહતું. સત્ય-અસત્ય ચાહે ગમે તે હોય પણ તેમના પરિવારમાંથી આજે તેઓ એકલાજ રાષ્ટ્રીય લેવલે વિખ્યાત બન્યા છે.

**શિક્ષણ:** પ્રાથમિક, માધ્યમિક તથા કોલેજનું શિક્ષણ મેળવી **B.A., M.A., D.T.C., G.D.A., A.M.** ની પદવીઓ અમદાવાદમાં પ્રાપ્ત કરી. "ભારતના સવાતંત્ર્ય સંગ્રામમાં દલિતોનું યોગદાન અને દલિત રાજનીતિ" વિષય ઉપર હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણથી ૨૦૧૨ માં **Ph.D.** થયા. નિવૃત્તિ પછી **LL.B.** કરવા લાગ્યા.

**સાહિત્ય:** છેલ્લા ૪૮ વર્ષ (૧૯૭૨થી) તેઓ લેખનકાર્ય દ્વારા સાહિત્ય સેવાનો જ્ઞાનયજ્ઞ, દલિત-લલિત સમાજ માટે ચલાવી રહ્યા હતા. દલિત ચળવળના વિચારક લેખક હતા. તેમજ સામાજિક ચિંતક હતા.

**સંશોધક:** તેઓ સફળ અને સમર્થ સંશોધક છે. ઇતિહાસ તેમનો મનગમતો વિષય રહ્યો છે. દલિત સમાજનો, બંધારણનો તથા ડૉ. આંબેડકરની મુવમેન્ટનો ઇતિહાસ લખવામાં-સંશોધનમાં તેઓ સફળ અને સમર્થ રહ્યા છે. ઇતિહાસની વિકૃતિને અટકાવવામાં તેમનો સિંહ ફાળો રહ્યો છે.

**પત્રકાર:** પત્રકારત્વ ક્ષેત્રે પ્રવેશ્યા પછી ડૉ. પરમારે ૨૫૦૦ કરતાં વધુ લેખો લખ્યા છે. ગુજરાતના મુખ્ય દૈનિકો જેવાં કે સંદેશ, ગુજરાત સમાચાર, રખેવાળ, હમલોગ, સરહદનો સાદ, નિભાવ, નવગુજરાત ટાઈમ્સ, ગુજરાત મિત્ર, ગુજરાત ટુડે, જનસત્તા, નયામાર્ગ, આજકાલ, જનગણ, લોકમાન્ય, દૈનિક, વેસ્ટર્ન ટાઈમ્સ જેવા અગ્રીમ અખબારોમાં તેમનાં લેખો છપાતાં રહ્યા છે. પત્રકારત્વમાં તેમનું યોગદાન મોટું છે.

**સાપ્તાહિક:** ગુજરાતના અસંખ્ય મેગેજીનો, માસિક, પાક્ષિક, સાપ્તાહિકોમાં તેમનાં લેખો પ્રકાશિત થયા છે.

**ચિત્રકાર:** ચિત્રકાર તરીકે પણ સિદ્ધહસ્ત ચિત્રકાર ગણાય છે. શેઠ સી. એન. કોલેજ ઓફ ફાઈન આર્ટમાંથી ચિત્રકલાનું શિક્ષણ તેમણે મેળવ્યું હતું.

**નોકરી:** માહિતી અધિકારી, ગુજરાત રાજ્ય, મેહસાણા જીલ્લો (નિવૃત).

## ૩. સન્માન:

(૧) ભારતીય દલિત સાહિત્ય અકાદમી નવી દિલ્હી તથા માહિતી ખાતું ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા સન્માન
(૨) ગુજરાત સરકાર દ્વારા સંત કબીર સાહિત્યકાર એવોર્ડથી સન્માન (વર્ષ ૨૦૧૨-૧૩)
(૩) વતનમાં પાટીદારો દ્વારા ચાર વખત સન્માન
(૪) રાજ્યમાં અસંખ્ય સ્થળોએ ૨૦૦ કરતાં વધુ સન્માન કરવામાં આવ્યાં છે.
(૫) શિરોહીના મહારાજા (હીઝ હાઇનેરા) દ્વારા રાજસ્થાનમાં સન્માન

## ૪. વ્યક્તિ વિશેષ:

બહુ બધા સાહિત્યનો આભ્યાસ કર્યા પછી તેઓ સમજી શક્યા કે વણકર સમાજ અને પોતાનો ઉદ્દભવ ક્યારે અને કયા વંશમાંથી થયો છે. વહીવંચાના ચોપડા અને તેમના કથન પ્રમાણે તેમના પૂર્વજો મૂળ ઉજ્જૈનથી આવ્યા હતા. મહારાજા સિધ્ધરાજ જયસિંહે ઉજ્જૈન (**MP**) ઉપર ચઢાઈ કરી અને ત્યાંથી રાજા યશોવર્માને હરાવી કાસ્ટના પિંજરમાં કેદ કરીને પાટણ લાવ્યા હતા, તેની સાથે પરાજિત ઘણા સૈનિકો પણ હતા. પાટણથી ઉજ્જૈન જવા માટેનો ટૂંકો રસ્તો તેમના ગામ પાસેથી તે સમયે પસાર થતો હશે. એમ માનવામાં આવે છે કે બંદીવાન સેનામાંથી બે-ત્રણ લોકો છટકીને અહીં આવી વસ્યા હતા. પરંતુ તેની વચ્ચેનો કોઈ કડીબદ્ધ ઈતિહાસ મળતો નથી. હાલમાં જે પેઢીનામું મળે છે તે આશરે ૫૦૦થી ૭૦૦ વર્ષના ઈતિહાસને આવરે છે. તેમનો સમગ્ર વણકર પરિવાર એક જ બાપ (પિતા)નો પરિવાર છે. અને તેમાંથી અલગ-અલગ ખૂંટ (કબીલા) સર્જાતા ગયા.

તેઓ પોતે પોતાના પગાર અને રીટાયર્ડ થયા પછી પેન્શનમાંથી પુસ્તકો લખી અને પ્રકાશિત કરતા અને વિનામૂલ્યે સમાજના ઉધ્ધાર માટે લોકો સુધી પોતાના સ્વ ખર્ચે કુરિયરમાં મોકલી આપતા. જેથી સમાજમાં એક નવી જાગૃતિ ઉભી થઈ શકે. પીએચ. ડી. કરતા વિદ્યાર્થીઓ ને વિનામુલ્યે પુસ્તકો આપતા અને માર્ગદર્શન પૂરું પાડતા. અભ્યાસ દરમિયાન ડૉ. પી. એ. પરમાર સાહેબે લોકોને જે મદદ કરી છે તે કેવી રીતે ભૂલી શકાય! તેમણે ગુજરાતના અને ભારતના વણકર સમાજ વિશે લખેલ બુક લોકોને ભેટ સ્વરૂપે આપેલી છે અને વણકર સમાજ વિશે તેમાં સચોટ માહિતી પૂરી પાડેલ છે. તેમનો સરળ સ્વભાવ અને ઉમદા વ્યક્તિત્વ જોઇને જ વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધી જાય. તેઓએ પોતાના ઘરમાં એક ગ્રંથાલય બનાવ્યું છે જેનો ભરપૂર ઉપયોગ કરી વિદ્યાર્થીઓએ પોતાનો ઉત્સાહ વધાર્યો છે. તેઓ ફોન દ્વારા પૂછતા અને કહેતા કે બેટા પીએચ.ડી. નું કામ કેટલે સુધી પહોચ્યું**?** હવે ઝડપથી કાર્ય પૂર્ણ થઈ જશે તેવી સતત પ્રેરણા આપતા.

## ૫. પ્રસિદ્ધ સાહિય:

૯૫ પુસ્તકો, ૩૦૦ કવિતાઓ, ૩૦૧ પ્રવચનો, ૫૦ પુસ્તકોની પ્રસ્તાવના, ૫૦ પુસ્તકોનું વિવેચન, ૨ કાવ્ય સંગ્રહો, ૨૫૦૦ જેટલા લેખ તેમણે લખેલ છે.

- ડૉ. પી. એ. પરમાર, 'અમદાવાદના અનુસુચિત જાતિના મિલ મજુરો', પ્રકાશક-પોતે, પ્રથમ આવૃત્તિ, ૨૦૨૧.
- ડૉ. પી. એ. પરમાર, 'ગુજરાતના વણકરોનો ગૌરવવંતો ઈતિહાસ', પ્રકાશક-પોતે, બીજી આવૃત્તિ, ૨૦૧૭.
- ડૉ. પી. એ. પરમાર, 'ભારતના વણકરો-ઈતિહાસ ધર્મ અને સંસ્કૃતિ', પ્રકાશક-રતનબેન પી. પરમાર, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૪.
- ડૉ. પી. એ. પરમાર, '**મ**રસિયા', પ્રકાશક-અનુસૂચિત જાતિ સંશોધન કેન્દ્ર, પ્રથમ આવુતિ, ૨૦૨૪.
- ડૉ. પી. એ. પરામર, 'મેના ઝરમરિયું', પ્રથમ આવૃત્તિ, પ્રકાશક-પોતે, ૨૦૨૪.
- ડૉ. પી. એ. પરમાર અને એલ. એ. પરમાર, 'વણાટકલા', પ્રથમ આવૃત્તિ, પ્રકાશક-પોતે, ૨૦૨૨.
- ડૉ. પી. એ. પરમાર, ડૉ. એલ. એ. પરમાર, ડૉ. મીનાક્ષી ગુપ્તા, 'વસ્ત્રકલા'(પ્રાચીન થી અર્વાચીન), પ્રથમ આવુતિ, ૨૦૨૨.
- ડૉ. પી. એ. પરમાર, 'રાષ્ટ્રીય મહાપુરુષ ભારતરત્ન ડૉ. બી. આર. આંબેડકર', પ્રથમ આવૃત્તિ, પ્રકાશક-પોતે, ૨૦૧૫.
- ડૉ. પી. એ. પરમાર, 'રાષ્ટ્રીય દલિત નેતાઓ અને રાજકારણ', ચૌદમી આવૃત્તિ, પ્રકાશક-પોતે, ૨૦૨૨.

## ૬. મહિતીના સ્ત્રોત:

ડૉ. પી. એ. પરમારની ચિત્રમય આત્મકથા જીવનરેખા ૧૯૫૫ થી ૧૯૮૫, દલિત સાહિત્યક્ષેત્રે ભીંત ફાડીને ઉગેલો પીપળો અને રૂબરુ મુલાકત.

**૭. સમાપન:**

ઉત્તર ગુજરાતના વણકર સમાજમાં ખાસ કરીને દલિત સાહિત્યકાર ખુબજ ઓછા થયા છે જેમાંથી આ એક ડૉ. પી. એ. પરમાર છે. જેઓ લેખક, કવિ, ચિત્રકાર, ઇતિહાસકાર, પત્રકાર, કલામર્મજ્ઞ, વિવેચક, ઉદ્દઘોષક, ચિતક અને સારાવક્તા તરીકે નામના પામેલ છે. અને સમગ્ર ભારત દેશમાં પણ તેમણે સાહિત્યકાર તરિકે ખ્યાતિ મેળવેલ છે.

**REFERENCES:**

1. ડૉ. પી. એ. પરમાર, ચિત્રમય આત્મકથા જીવનરેખા ૧૯૫૫ થી ૧૯૮૫, જૂન ૨૦૧૮.
2. ડૉ. પી. એ. પરમાર, ભીંત ફાડીને ઉગેલો પીપળો.

**Web References:**

1. https://youtu.be/A9ueDyQ6AAM?si=fjh5QM4AYjlxlgFa
2. https://www.youtube.com/watch?v=BhD**5**FvWDq**8**w

**Thesis:**

1. પી. એ. પરમાર, (૨૦૧૨) "ભારતના સવાતંત્ર્ય સંગ્રામમાં દલિતોનું યોગદાન અને દલિત રાજનીતિ", હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ, Ph.D.